



# વિષય: ધો. ૯ ના વિદ્યાર્થીઓની સફળતા પ્રાપ્ત કરવામાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ


**ચીમનભાઈ એન. પરમાર**

(મ.શિ. મા.વિભાગ)


૧. **વિષયના શબ્દનું અર્થઘટન :** શિક્ષકનું શિક્ષણ ગુણવત્તા વાળું બને. વર્ગખંડની અને શાળાની વિવિધ સમસ્યાઓનો ટૂંકા ગાળામાં વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ શક્ય બને .શિક્ષણમાં નવા વિચાર અને પદ્ધતિ શક્ય બને, ઉપચારાત્મક શિક્ષણ દ્વારા શાળામાં ઇચ્છનીય પરિણામ તથા પરિવર્તન લાવી શકાય છે.

૨. **વિષયની પસંદગી શા માટે કરી? કેવી રીતે? :** વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ, લેખનકાર્ય ,શ્રવણ કાર્ય અને વાંચન કરાવતા જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસમાં એમના અક્ષરો સારા ન હોવાને કારણે તથા વાંચન કરવામાં પડતી મુશ્કેલીઓને કારણે જે તેવિષયમાં આવતા ટોપીકનો મિનિંગ સમજી શકતા નથી અને એના કારણે પોતાનું લખાણ યોગ્ય રીતે લખી શકતા નથી તેમજ સમજી પણ શકતા નથી. આ કાર્યને હાથમાં લઇ, વિવિધ પ્રકારના પ્રયોગો કરીને વિદ્યાર્થીઓને કરવામાં આવે તો ચોક્કસ વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરી શકે છે જેથી કરીને મે આ ક્રિયાત્મક સંશોધનનો વિષય પસંદ કર્યો

3. **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે? :** ક્રિયાત્મક સંશોધનના ભાગરૂપે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીના મા-બાપસાથે મુલાકાત, ટેલીફોનિક ચર્ચા, ગુણલક્ષી ચર્ચાઓ, આગળના ધોરણના રિઝલ્ટ ચેક કર્યા, યાદશક્તિ ઓછી, નાના મુદ્દાઓ આપીને, પ્રયોગાત્મક પદ્ધતિનો ઉપયોગ કરીને, પંચતંત્રની વાર્તાઓ દ્વારા કેસ સ્ટડી કરવામાં આવ્યો.

૪. **સંશોધન માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો :** ઉપચારાત્મક, નિદાનાત્મક પદ્ધતિ, મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા કરવામાં આવી. આ સંશોધન કાર્ય કરવા માટે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નાવલિ બનાવવામાં આવી, પ્રયોગાત્મક પદ્ધતિ, વાલી સાથેની મુલાકાત, ટેલીફોનિક ચર્ચાઓ, તેમજ પંચતંત્રની વાર્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે રસરુચી દાખવવાનો પ્રયત્ન કર્યો.

૫. **સંશોધન પ્રકિયા કેવી રીતે કરી? પ્રકિયાનું વર્ણન ? :** ધો. ૯ ના વિદ્યાર્થીઓને સુંદર અક્ષર લેખન ના વિડીયો બતાવવામાં આવ્યા. સુંદર ઉચ્ચાર સાથે ઉચ્ચારણ કરી શકે તેના માટે ભગવદ ગીતાના શ્લોકોનું પઠન કરાવવામાં આવ્યા, શ્રેષ્ઠ ગીતો સંભળાવવામાં આવ્યા, વાર્તાઓ સંભળાવામાં આવી અને પાઠ youtube પર બતાવવામાં આવ્યા કે કઈ રીતે વાંચી શકાય અને કેવી રીતે લખી શકાય.

૬. **કસોટી દ્વારા ચકાસણી :** ક્રિયાત્મક સંશોધન અંતર્ગત વિદ્યાર્થીઓને કોણ વિદ્યાર્થી સારું વાંચી શકે એની કોમ્પિટિશન કરાવવામાં આવી, જેમાં અંગ્રેજી વિષયના પહેલા પાઠના અમુક પેરેગ્રાફ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વાંચન કરતા હતા, કેટલાક વિદ્યાર્થીઓના વાંચન કરવામાં સ્પષ્ટ ઉચ્ચારણ નહોતું અને સ્પેલિંગની સાચી સમજ ના હોવાને કારણે વાંચનમાં સફળતા મળતી નહોતી, જેથી મેં એમનો લખાણનો પણ ટેસ્ટ લીધો. મેં અત્રે આપની સમક્ષ રજૂ કરેલ છે.

૭. **માહિતીનું એકત્રીકરણ :** વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી, વાલીઓ સાથે મુલાકાત, વિડીયો દ્વારા પેરેગ્રાફ ટીવી પર બતાવવામાં આવ્યા ઓડિયોગીત, પંચતંત્રની વાર્તા તથા વિદ્યાર્થીઓને અક્ષર લેખન, વાંચન કેવી રીતે કરવું એવું લેખિત પેપર્સમાં લેવામાં આવ્યું.

૮. **માહિતીનું પૃથકરણ :** વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યક્તિ અને ક્ષમતા માટે જે પ્રિ-ટેસ્ટ લીધી અને કુલ ૪૬ વિદ્યાર્થીઓને લેખન, વાંચન, શ્રવણ અને કથનની ચકાસણી કરી તે માહિતીનો અર્થઘટન અને પૃથક્કરણ નીચે મુજબ છે.

| કુલ વિદ્યાર્થીઓ | ઉતમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ | | નબળો દેખાવ કરનારા વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|---|
| ૪૬ | સંખ્યા : ૧૦ | ટકા : 33 | સંખ્યા : ૩૬ | ટકા : ૮૫ |

પોસ્ટ ટેસ્ટ લીધા બાદ તેના કારણો અને પરિણામો તપાસ્યા બાદ વિવિધ પ્રવૃત્તિઓ વાર્તા લેખન, ગીતો, રમતો, ગમ્મત સાથે જ્ઞાન, નિયમિત અનુકાર્ય હાથ ધર્યું ત્યારબાદ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી તો સારા પરિણામ મળ્યા જેની માહિતી નીચે મુજબ છે.

| કુલ વિદ્યાર્થીઓ | ઉતમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ | | નબળો દેખાવ કરનારા વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|---|
| ૪૬ | સંખ્યા : ૪૦ | ટકા : ૬૦ | સંખ્યા : ૬ | ટકા : ૧૦ |

૯. **પરિણામો :** વિદ્યાર્થીઓ સમજપૂર્વક, ધ્યાનથી, ઊંડાણપૂર્વક, રસપૂર્વક, નિયમિત યોગ્ય મરોડદાર અક્ષર તથા રસપૂર્વક, આત્મવિશ્વાસથી વાંચન કરતા થયા.